# BUSINESS મિત્ર

### રોકાણકારોના ચાર લાખ કરોડ રૂપિયા સ્વાહા થઇ ગયા

# શેરબજારમાં કડાકો: સેન્સેક્સ 72000ની નીચે

**સેન્સેક્સ** 547 પોઇન્ટ ઘટીને 71,924ના સ્તરે બંધ

**બોન્ડ** યીલ્ડ અને વેચવાલીથી સેન્ટિમેન્ટ બગડ્યું

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 12:** સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજારમાં ઉછાળો રહ્યો હતો, પરંતુ આજે પ્રથમ દિવસે કડાકો બોલાઈ ગયો હતો. મહત્વની બાબત એ છે કે, આજે રૂપિયામાં એક રૂપિયાની મજબૂતાઈ રહી હતી અને અમેરિકાએ રશિયા પાસેથી ડીઝલ ખરીદવાની જાહેરાત બાદ ક્રુડ ઓઈલના ભાવમાં પણ ઉપલા સ્તરેથી ઘટાડો જોવા મળ્યો હતો, આમ છતાં ભારતીય શેરબજારમાં કડાકો બોલાયો હતો. જેના પરિણામે રોકાણકારોના ચાર લાખ કરોડ રૂપિયા સ્વાહા થઈ ગયા હતા.

છેલ્લા બે સેશનમાં સુધારાની ચાલ રહ્યા બાદ આજે શેરબજારમાં નફાવસુલીનો માહોલ જોવા મળ્યો હતો. દરેક ઉછાળે નફાવસુલીનું દબાણ જોવા મળી રહ્યું છે. નિફ્ટી 22650 પોઈન્ટની ઉપર જઈને ટકી રહેશે તો બજારમાં સુધારાની ચાલ જોવા મળી શકે છે. પણ ભારતીય શેરબજારમાં એફઆઈઆઈની વેચવાલી અટકવાનું નામ જ લેતી નથી. જેનાથી બજારમાં વેચવાલીનું દબાણ વધી રહ્યું છે.

## રૂપિયામાં જબરજસ્ત ઉછાળો, 96 પૈસા વધ્યો

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.76 રૂ. |
| યુરો | 107.60 રૂ. |
| પાઉન્ડ | 126.01 રૂ. |
| યેન | 0.6037 રૂ. |

કરન્સી બજારમાં આજે રૂપિયામાં જબરજસ્ત રીકવરી જોવા મળી હતી અને એક રૂપિયાની આસપાસ મજબૂતાઇ જોવા મળી હતી. આરબીઆઇ એક્શન પ્લાનમાં આવી ગઇ છે અને તેઓએ રૂપિયાને મજબૂત કરવા માટે કેટલાક પગલાંઓ ભરતા આજે રૂપિયામાં શાનદાર ઉછાળો આવ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 96 પૈસા ઉછળીને 96ની સપાટી તોડીને 95.78ના સ્તરે બંધ રહ્યો હતો, જે ગત સેશનમાં 96.74ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 107.60, પાઉન્ડ 126.01, કેનેડિયન ડોલર 66.97, ઓસ્ટ્રેલિયન ડોલર 67.03, જાપાનીઝ યેન 0.6038 અને સીંગાપોર ડોલર 74.82ના સ્તરે બંધ રહ્યા હતા.

ક્રુડ ઓઈલના ભાવ ઘટ્યા હતા, પણ 105 ડોલર પ્રતિ બેરલથી ઉપર રહ્યા હોવાથી ફુગાવાની ચિંતાઓ ચાલુ રહી હતી. જેમાં ભારતીય બોન્ડ યીલ્ડમાં તીવ્ર વધારો થયો હોવાથી બજારના સેન્ટિમેન્ટ ઉપર અસર જોવા મળી હતી. જેમાં નિફ્ટી 22400ના સ્તરને તોડી નાંખ્યા હતા.

સેકટર વાઈઝ જોઈએ તો એફએમસીજી, પીએસયુ બેન્ક અને આઈટી શેરમાં ઘટાડો થયો હતો, જ્યારે મીડિયા, ઓટો અને રિયલ્ટી શેરોમાં સુધારો જોવાયો હતો.

બીએસઈ સેન્સેક્સ 547.65 પોઈન્ટ એટલે કે 0.76 ટકા ઘટીને 72000 પોઈન્ટની સપાટી તોડીને 71924.68 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 72884 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નાચમાં 71676 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 157.10 પોઈન્ટ એટલે કે 0.70 ટકા ઘટીને 22400 પોઈન્ટની સપાટી તોડીને 22363.35 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 22651 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22304 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 338.65 પોઈન્ટ એટલે કે 0.61 ટકા ઘટીને 55000 પોઈન્ટની સપાટી તોડીને 54918 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે ગેલન્ટ ઈસ્પાતમાં 89.2 ગણા, લેન્સકાર્ટ સોલ્યુશન્સમાં 56.89 ગણા, પુનાવાલા ફિનકોર્પમાં 19.06 ગણા, ઈન્ડસઈન્ડ બેન્કમાં 15.39 ગણા અને એરીસ લાઈફસાયન્સીસમાં 8.82 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ગેલન્ટ ઈસ્પાતમાં 296.02 ગણા, ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરેન્સમાં 35.92 ગણા, પુનાવાલા ફિનકોર્પમાં 23.23 ગણા, સીન્જીન ઈન્ટરનેશનલમાં 7.51 ગણા અને કારટ્રેડ ટેકમાં 5.47 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પોઝિટિવ વલણ રહેતા સારૂ પ્રદર્શન રહ્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.13 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.08 ટકા સુધર્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહી હતી. બીએસઈ ખાતે 2300 શેરો વધ્યા હતા, જ્યારે 2153 શેરો ઘટ્યા હતા અને 292 શેરો યથાવત રહ્યા હતા. નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સ .67 ટકા ઘટ્યો હતો. ડાબર ઈન્ડિયા, આઈટીસી, કોલગેટ, એચયુએલ, ગોડફ્રે ફિલિપ્સ, વરૂણ બેવરેજીસ, ગોદરેજ કન્ઝયુમર, નેસલે, બ્રિટાનીયા અને યુનાઈટેડ સ્પીરીટ ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં સુધારાની ચાલ જોવા મળી હતી, જ્યારે મોટા ભાગના એશિયન બજારો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. ભૂ રાજકીય ડેવલપમેન્ટ અને ત્રીજા કવાર્ટરના પરિણામોની મોસમની તરફ રોકાણકારોએ મુલ્યાંકન શરૂ કર્યુ છે. બીજી તરફ, ત્રીજા કવાર્ટરના પરિણામો પુર્વે એશિયન બજારોમાં સાવચેતીનું વલણ રહ્યું હતું અને તેથી મોટા ભાગના એશિયન બજારો ઘટ્યા હતા. જાપાનનું બજાર આજે રમતગમતના દિવસ માટે બંધ રહ્યું હતું. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.76 ટકા, કેક 0.19 ટકા અને ડેક્સ 0.77 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં સ્ટેઈટસ સપાટ, હેંગસેંગ સપાટ બંધ રહ્યા હતા. જ્યારે તાઈવાન 0.02 ટકા, કોસ્પી 3.79 ટકા, જકાર્તા સપાટ અને શાંઘાઈ સપાટ બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -547.65 | 71924.68 |
| નિફ્ટી | -157.10 | 22363.35 |
| બેન્ક નિફ્ટી | -225.30 | 28349.60 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ડો. રેડ્ડીઝ લેબ | 2.71 | 1229.40 |
| બજાજ ઓટો | 2.62 | 10034.00 |
| ટીએમપીવી | 1.63 | 284.45 |
| ભારત ઇલે. | 1.56 | 373.90 |
| બીએસઇ લિ. | 1.31 | 3330.20 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અપોલો હોસ્પિટલ | 3.15 | 7775.00 |
| આઇટીસી | 3.05 | 257.90 |
| ટેક મહિન્દ્રા | 2.85 | 1471.00 |
| લાર્સન-ટુબ્રો | 2.05 | 3627.50 |
| મેક્સ હેલ્થકેર | 2.02 | 865.95 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારત ઇલે. | 1.38 | 373.60 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 0.84 | 2815.45 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 0.66 | 443.00 |
| એચસીએલ ટેક્નો | 0.47 | 1220.00 |
| બજાજ ફાઇનાન્સ | 0.28 | 960.85 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આઇટીસી | 3.23 | 257.60 |
| ટેક મહિન્દ્રા | 3.10 | 1470.00 |
| એચયુએલ | 2.10 | 1822.00 |
| લાર્સન-ટુબ્રો | 1.87 | 3629.90 |
| એસબીઆઇ | 1.78 | 941.00 |

# RBIના અંદાજ કરતાં મોંઘવારીનું મોટું જોખમ

**આગામી** ક્વાર્ટરમાં ફુગાવો 6-7% સુધી પહોંચવાની શક્યતા

**વ્યાજદરમાં** 100-150 બીપીએસનો વધારો થઈ શકે

મુંબઈ, તા. 12: ભારતમાં ફુગાવાનું જોખમ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા હાલમાં સ્વીકારવામાં આવેલા સ્તર કરતાં નોંધપાત્ર રીતે વધારે છે. કિંમતોમાં વધારાને કારણે આગામી ત્રિમાસિક ગાળામાં ફુગાવો 6-7 ટકા સુધી પહોંચવાની શક્યતા છે, જેના પરિણામે વ્યાજદરમાં વધુ વધારો કરવાની જરૂર પડી શકે છે તેવું 'સિસ્ટમેટિક્સ ઈન્સ્ટિટ્યૂશનલ ઈક્વિટીઝ'ના તાજેતરના અહેવાલમાં જણાવાયું છે.

અહેવાલમાં ભાર મૂકવામાં આવ્યો છે કે, કેન્દ્રીય બેંકના ફુગાવાના અંદાજો વધતા ઈનપુટ ખર્ચ, વધેલા ઘરગથ્થુ ફુગાવાની અપેક્ષાઓ અને સમગ્ર અર્થતંત્રમાં વધતા ભાવ દબાણના વધતા જોખમોને ઓછો અંદાજ આપે છે.

"કડક વલણ અપનાવવામાં આવતા, અમને અંદાજિત 6 ટકાના ઉપરી સ્તરથી વધુ ફુગાવાનું જોખમ જણાઈ રહ્યું છે," અહેવાલમાં જણાવાયું છે.

RBIના ઘરગથ્થુ સર્વેક્ષણમાં સપ્ટેમ્બર 2026 માં ફુગાવાનો સરેરાશ દર 9.1 ટકા દર્શાવવામાં આવ્યો હતો, જે હેડલાઈન ફુગાવા કરતા નોંધપાત્ર રીતે વધારે છે અને સતત વધી રહ્યો છે.

તેમાં નોંધવામાં આવ્યું હતું કે RBIના 'ઈન્ફ્લેશન ડિફ્યુઝન ઈન્ડેક્સ' (ફુગાવાના પ્રસારના સૂચકાંક) પરથી પણ સંકેત મળે છે કે ભાવવધારાનું દબાણ વિવિધ શ્રેણીઓમાં વ્યાપક બની રહ્યું છે, જે સૂચવે છે કે ફુગાવો વધુને વધુ વ્યાપક સ્વરૂપ ધારણ કરી રહ્યો છે.

"ફુગાવો આશ્ચર્યજનક રીતે વધી શકે છે અને આગામી ક્વાર્ટરમાં 6-7 ટકા સુધી પહોંચી શકે છે. ઓછામાં ઓછા 1 ટકાના વાસ્તવિક દરને પુનઃસ્થાપિત કરવા માટે વધુ વધારો અને ટર્મિનલ રેપો રેટ 6.5-7 ટકા અથવા વર્તમાન 5.5 ટકા થી 100-150 bps ઉપર લાવવાની જરૂર પડશે," અહેવાલમાં જણાવાયું છે.

રિપોર્ટમાં એ પણ પ્રકાશિત કરવામાં આવ્યું છે કે આરબીઆઈએ તેના નાણાકીય વર્ષ 27 ના જીડીપી વૃદ્ધિ અંદાજને 6.7 ટકાથી વધારીને 7.1 ટકા કર્યો છે, જે પહેલા ક્વાર્ટરમાં 7.8 ટકાના અપેક્ષિત વૃદ્ધિદરને પગલે છે.

# મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ 31 ટકા વધીને રૂ. 38306 કરોડ થયું

**સ્મોલકેપ** ફંડસમાં વિક્રમી કલેક્શન છતાં કુલ એયુએમ ઘટ્યું

નવી દિલ્હી, તા. 12: સપ્ટેમ્બરમાં સ્મોલકેપ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ માટેનો નવો રેકોર્ડ બન્યો છે. આ ફંડ્સને એક મહિનામાં 9038 કરોડ રૂપિયા મળ્યા છે, જે અત્યાર સુધીનું સૌથી વધુ માસિક રોકાણ છે. સતત ત્રીજા મહિને સ્મોલકેપ ફંડ્સ રોકાણને આકર્ષવામાં મોખરે રહ્યા છે. દરમિયાન, ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સમાં કુલ રોકાણ પણ ઓગસ્ટની તુલનામાં 31 ટકા વધીને 38306 કરોડ રૂપિયા થયું છે. ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડ્સની 13 સબ-કેટેગરીમાં સ્મોલકેપ ફંડ્સને સૌથી વધુ રોકાણ મળ્યું છે. આ ફંડ્સમાં સપ્ટેમ્બરમાં ઓગસ્ટની તુલનામાં 13 ટકા વધ્યો હતો. મિડકેપ ફંડ્સ 7834 કરોડ રૂપિયાના રોકાણ સાથે બીજા ક્રમે છે, ત્યારબાદ 6701 કરોડ રૂપિયાના રોકાણ સાથે ફ્લેક્સિકેપ ફંડ્સ આવે છે.

સતત બે મહિના ઉપાડ બાદ સપ્ટેમ્બરમાં લાર્જકેપ ફંડને 859 કરોડ રૂપિયાનું રોકાણ મળ્યું હતું. તે જ સમયે, કોન્ટ્રા ફંડમાંથી ચોખ્ખો આઉટફ્લો 97.88 કરોડ રૂપિયા હતો, જે ઓગસ્ટમાં 1328 કરોડ રૂપિયા હતો. ટેક્સ સેવિંગ ઈએલએસએસ મ્યુચ્યુઅલ ફંડ્સમાંથી ઉપાડ પણ ચાલુ રહ્યો છે. સપ્ટેમ્બરમાં તેમની પાસેથી 662 કરોડ રૂપિયા ઉપાડવામાં આવ્યા હતા. આ સાથે, ઈએલએસએસ ફંડમાં સતત 14મા મહિને ચોખ્ખો આઉટફ્લો જોવા મળ્યો હતો.

સપ્ટેમ્બરમાં રોકાણકારોએ ડેટ મ્યુચ્યુઅલ ફંડ્સમાંથી મોટી રકમ ઉપાડી હતી. આ મહિને આ કેટેગરીમાંથી કુલ 1.83 લાખ કરોડ રૂપિયાનો ચોખ્ખો આઉટફ્લો કરવામાં આવ્યો હતો, જે ઓગસ્ટમાં 8127 કરોડ રૂપિયા હતો. ડેટ ફંડ્સ સામાન્ય રીતે સરકારી બોન્ડ્સ, કોર્પોરેટ બોન્ડ્સ અને મની માર્કેટ જેવા ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સમાં રોકાણ કરે છે. ડેટ ફંડ્સની 17 પેટા કેટેગરીમાં લિક્વિડ ફંડ્સે સૌથી વધુ 95743 કરોડ રૂપિયા ઉપાડ્યા હતા. લિક્વિડ ફંડ્સમાં સામાન્ય રીતે ટૂંકા ગાળાના રોકાણો હોય છે, જેનો ઉપયોગ રોકાણકારો સમયગાળા માટે નાણાં રાખવા માટે કરે છે. આ પછી મની માર્કેટ ફંડ્સનો નંબર આવ્યો હતો, જેમાંથી સપ્ટેમ્બરમાં 50846 કરોડ રૂપિયા ઉપાડવામાં આવ્યા હતા.

સપ્ટેમ્બરમાં મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની કુલ એસેટ અંડર મેનેજમેન્ટ-એયુએમ ઘટીને 82.49 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ઓગસ્ટમાં તે 86.92 લાખ કરોડ રૂપિયા હતો.

# સપ્ટેમ્બરમાં ગોલ્ડ ઈટીએફમાં રોકાણ 71.4 ટકા વધીને 4451 કરોડ રૂપિયા થયું

નવી દિલ્હી, તા. 12: ગોલ્ડ ઈટીએફમાં ચોખ્ખું રોકાણ સપ્ટેમ્બરમાં 71.4 ટકા વધીને 4451 કરોડ રૂપિયા થયું છે, જે ઓગસ્ટમાં 2597 કરોડ રૂપિયા હતું. આ દર્શાવે છે કે રોકાણકારો સોના તરફ વળી રહ્યા છે.

ગોલ્ડ ઈટીએફમાં મજબૂત રોકાણ હોવા છતાં, વ્યાપક મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગે મહિના દરમિયાન 1.33 લાખ કરોડ રૂપિયાનો ચોખ્ખો આઉટફ્લો નોંધાવ્યો હતો. આ પહેલા ઓગસ્ટમાં 41353 કરોડ રૂપિયાનું ચોખ્ખો રોકાણ નોંધાયું હતું. મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની એયુએમ ઓગસ્ટમાં 87.08 લાખ કરોડ રૂપિયાથી ઘટીને સપ્ટેમ્બરમાં 82.64 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂ.** | ૭૫/૩૬ '' | ૧૫૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૪.૫ | ૫૦/૩૬ '' | ૧૬૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૧.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૭ |
| ૬૮/૩૬ | ૧૭૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૭૨.૨૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૫.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૬૮.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨.૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૩.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૩૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૮ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૭૦૦ |
| એમ-૩૦ | ૫૬૦૦ |
| એસ-૩૦ | ૫૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૨૩૬૦ |
| તેજાબી સોનું | ૧૫૨૨૭૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૪૭૪૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૯૩૧૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૨૩૬૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૨૬૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૨૮૨૦૦ |

# રશિયા સાથેની દુશ્મનાવટ ભૂલીને ડોનાલ્ડ ટ્રમ્પ તેનું ડિઝલ ખરીદવા કેમ તૈયાર થયા?



મુદ્દો પોઇન્ટ ▪ સંજય વોરા ▪

રાજકારણ અને અર્થકારણ હવે એવા તબક્કે પહોંચી ગયાં છે કે આર્થિક સ્વાર્થ ખાતર દુનિયાના દેશો જૂની દુશ્મનાવટ ભૂલવા પણ તૈયાર થઈ જાય છે. રશિયા અને અમેરિકાને કટ્ટર દુશ્મન માનવામાં આવે છે, પણ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જે રીતે રશિયા પાસેથી ક્રુડ ઓઈલ ખરીદવાનો સોદો કર્યો, તે જોયા પછી લાગ્યા વિના રહેતું નથી કે તેઓ પાક્કા ભાઇબંધ છે, પણ દુનિયાના દેશોને અંદરોઅંદર લડાવી મારવા માટે દુશ્મન હોવાનો દંભ કરે છે. ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા રશિયા પાસેથી મોટા પાયે ડીઝલ ખરીદવાની જાહેરાતથી સમગ્ર વિશ્વમાં ભારે હોબાળો મચી ગયો છે. એક તરફ, અમેરિકાએ ભારત સહિત ટોચના પાંચ દેશોને ધમકી આપી છે કે જો તેઓ રશિયા પાસેથી તેલ ખરીદશે તો અમેરિકા તેમના પર ૧૦૦ ટકા ટેરિફ લાદશે. આ માટે અમેરિકાએ રશિયા અને ઈરાન પર પ્રતિબંધ મૂકવાનો કાયદો (SRIA) પણ પસાર કર્યો છે. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે આ કેવા પ્રકારનું બેવડું ધોરણ છે? એક તરફ તે અન્ય દેશોને રશિયા પાસેથી તેલ ખરીદવાની મનાઈ કરી રહ્યું છે, જ્યારે બીજી તરફ તે પોતે પણ એ જ કામ કરી રહ્યું છે.

અમેરિકામાં નવેમ્બરમાં મધ્યસત્ર ચૂંટણીઓ યોજાવાની છે તે ટાંકણે ડીઝલના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, જે હાલમાં ૬.૨૮ ડોલર પ્રતિ ગેલનના ઐતિહાસિક ઊંચા સ્તરે પહોંચી ગયો છે. પ્યુ રિસર્ચ કંપની અનુસાર ૮૪ ટકા અમેરિકન મતદારો માટે મોંઘવારી હાલમાં મુખ્ય મુદ્દો છે. ખેડૂતોથી લઈને ટ્રક ડ્રાઈવરો અને નાના વ્યવસાયો સુધી અમેરિકામાં દરેક વ્યક્તિ આ ફુગાવાથી ખૂબ જ પરેશાન છે અને આ લોકો ટ્રમ્પની વોટ બેંકનો નોંધપાત્ર ભાગ છે. તેથી, ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર ચૂંટણીમાં વિજય સુનિશ્ચિત કરવા માટે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીને નારાજ કરીને રશિયા પાસેથી ડિઝલ ખરીદી રહ્યું છે. ઝેલેન્સ્કી દ્વારા આ સોદાનો વિરોધ કરવામાં આવ્યો તો ગુસ્સે ભરાયેલા ડોનાલ્ડ ટ્રમ્પ ઝેલેન્સ્કીને યુક્રેનના રાષ્ટ્રપતિ તરીકે હટાવીને પોતાની કઠપૂતળી જેવા નેતાને સત્તામાં આણવા તૈયાર થઈ ગયા છે. અમેરિકાની દુનિયાભરમાં દાદાગીરીનો આ ઉત્કૃષ્ટ નમૂનો છે. એ નોંધવું જોઈએ કે અમેરિકાએ રશિયા પાસેથી તાત્કાલિક ૩,૦૦,૦૦૦ ટન ડીઝલ અને નવેમ્બરમાં ૫,૦૦,૦૦૦ ટન ડીઝલ ખરીદવા માટેના કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

ભારતે રશિયા પાસેથી રેકોર્ડબ્રેક ક્રુડ ઓઇલની આયાત કરી છે. જૂનમાં ભારત દરરોજ સરેરાશ ૨૩.૫ લાખ બેરલ રશિયન તેલ આયાત કરતું હતું. ઘણાં લોકો ગણિત સમજી શકતાં નથી કે સસ્તું રશિયન તેલ ભારતમાં પહોંચે ત્યાં સુધીમાં કેટલું મોંઘુ થઈ જાય છે. જો ભારત રશિયા પાસેથી ક્રુડ ઓઇલ ખરીદવાનું સંપૂર્ણપણે બંધ કરી દે તો તે માત્ર ભારતની ઊર્જા જરૂરિયાતોને જ નહીં પરંતુ તેલના ભાવને પણ અસર કરી શકે છે. નાણાં મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું છે કે વૈશ્વિક તેલ પુરવઠો હાલમાં મર્યાદિત છે.

રશિયા પાસેથી તેલ ખરીદી બંધ કરવાથી અન્ય દેશોમાંથી વધુ ક્રુડ ઓઇલની જરૂર પડશે, જેના કારણે કિંમત વધી શકે છે. ભારત તેની ક્રુડ ઓઇલની જરૂરિયાતોનો મોટો હિસ્સો અન્ય દેશો પાસેથી ખરીદીને પૂર્ણ કરે છે. જો રશિયા પાસેથી તેલનો પુરવઠો ઘટે છે, તો ભારતને તેની જરૂરિયાતો પૂરી કરવા માટે અન્ય દેશોમાંથી તેલ ખરીદવું પડી શકે છે. આનાથી વૈશ્વિક બજારમાં તેલની માંગ વધી શકે છે અને ક્રુડ ઓઇલના ભાવ વધી શકે છે.

રશિયામાં ક્રુડ ઓઇલની કિંમત સામાન્ય રીતે પ્રતિ ગેલન ૧૪૦ થી ૧૬૦ રૂપિયા હોય છે, પરંતુ જ્યારે તે ભારતમાં પહોંચે છે, ત્યારે તેની કિંમતમાં તીવ્ર વધારો થાય છે. વૈશ્વિક રાજકારણ અને અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે, ભારતે તેની ઊર્જા સુરક્ષાને મજબૂત બનાવવા માટે એક મોટું પગલું ભર્યું છે. ઘણાં લોકો ગણિત સમજી શકતાં નથી કે સસ્તું રશિયન તેલ ભારતમાં પહોંચે ત્યાં સુધીમાં કેટલું મોંઘું થઈ જાય છે. આપણે સામાન્ય રીતે પેટ્રોલ અને ડીઝલને લિટરમાં માપીએ છીએ. જો કે, વૈશ્વિક સ્તરે ક્રુડ ઓઇલનો વેપાર બેરલમાં થાય છે. વૈશ્વિક ધોરણો અનુસાર, એક બેરલમાં આશરે ૧૫૯ લિટર અથવા ૪૨ ગેલન ક્રુડ ઓઇલ હોય છે.

રશિયાના પ્રખ્યાત બેરલ ક્રુડ ઓઇલનો મૂળ ભાવ હાલમાં આંતરરાષ્ટ્રીય બજાર અને ભૂ-રાજકીય ઉથલપાથલના આધારે પ્રતિ બેરલ ૭૦ થી ૮૦ ડોલરની આસપાસ ફરે છે. ભારતીય રૂપિયામાં રૂપાંતરિત થાય તો, આનો અર્થ લગભગ ૫,૮૦૦ થી ૬,૬૦૦ રૂપિયા પ્રતિ બેરલ થાય છે. રશિયામાં એક ગેલન ક્રુડ ઓઇલની મૂળ કિંમત માત્ર ૧.૭૦ થી ૧.૯૦ ડોલર સુધીની છે. આનો અર્થ એ થાય કે રશિયન ધરતી પર એક ગેલન ક્રુડ ઓઇલની કિંમત ફક્ત ૧૪૦ થી ૧૬૦ રૂપિયા છે. જો આપણે રશિયામાં સામાન્ય લોકો માટે ઉપલબ્ધ રિફાઇન્ડ પેટ્રોલના ભાવને ધ્યાનમાં લઈએ, તો ક્રુડ ઓઇલ ઉપરાંત ત્યાંના પંપ પર તેની કિંમત ભારત કરતાં ઘણી ઓછી છે. હાલમાં, રશિયામાં એક લિટર પેટ્રોલનો છૂટક ભાવ લગભગ ૬૯.૧૧ રુબલ્સ હોઈ શકે છે, જે ભારતીય ચલણમાં આશરે ૬૫ રૂપિયા પ્રતિ લિટર થાય છે. તદનુસાર, જો કોઈ રશિયામાં એક ગેલન ફિનિશ્ડ પેટ્રોલ ખરીદે છે, તો તેને લગભગ ૨૪૫ થી ૨૫૦ રૂપિયા ખર્ચ કરવો પડી શકે છે. આ કિંમત ક્રુડ ઓઇલ રિફાઇનિંગ, ટેક્સ અને પ્રોસેસિંગ ખર્ચનો સમાવેશ કર્યા પછી નક્કી કરવામાં આવે છે.

હવે પ્રશ્ન એ છે કે તે જ તેલ ભારતમાં પહોંચે ત્યાં સુધીમાં તેની કિંમત કેમ વધી જાય છે? રશિયામાં જે તેલની કિંમત ૧૪૦ થી ૧૬૦ રૂપિયા પ્રતિ ગેલન હોય છે તે ભારતમાં પહોંચે ત્યાં સુધીમાં ૧૯૫ થી ૨૦૦ રૂપિયા પ્રતિ ગેલન થઈ જાય છે. રશિયા અને ભારત વચ્ચે ભૌગોલિક અંતર ખૂબ જ નોંધપાત્ર છે. જ્યારે આ તેલ શિપિંગ દ્વારા ભારતમાં આવે છે, ત્યારે તેના પર નોંધપાત્ર શિપિંગ ચાર્જ, દરિયાઈ વીમો, પરિવહન જોખમ અને ડીલર માર્જિનનો ખર્ચ થાય છે. આ બધા વધારાના ખર્ચને ધ્યાનમાં લીધા પછી જ અંતિમ કિંમત નક્કી થાય છે. આ બધા બાહ્ય ખર્ચ અને પરિવહન ખર્ચ ઉમેર્યા પછી જ્યારે રશિયન તેલ ભારતમાં પહોંચે છે ત્યારે તેની કુલ ડિલિવરી કિંમત પ્રતિ બેરલ ૯૫ થી ૧૦૦ ડોલર સુધી પહોંચે છે. જો આપણે ડોલર સામે ભારતીય રૂપિયાનું મૂલ્ય આશરે ૯૬ રૂપિયા ધારીએ, તો જ્યારે તેની કુલ ડિલિવરી કિંમતને એક બેરલના ૪૨ ગેલનથી ભાગવામાં આવે છે, ત્યારે પ્રતિ ગેલનની અંતિમ કિંમત ૨૦૦ રૂપિયાથી વધુ થઈ જાય છે.

ભારત રશિયા પાસેથી પોતાની ઊર્જા જરૂરિયાતો અને રાષ્ટ્રીય વિકાસ માટે ક્રુડ ઓઇલ ખરીદી રહ્યું છે, રશિયાને મદદ કરવા માટે નહીં. ભારતમાં રશિયન રાજદૂત ડેનિસ અલીપોવે તાજેતરમાં ડીડી ન્યૂઝ સાથેની એક મુલાકાતમાં આ વાત કહી હતી. ૨૦૨૨ પછી રશિયા પાસેથી ભારતની ક્રુડ ઓઇલની ખરીદીમાં ઝડપથી વધારો થયો છે. આ વધારો મુખ્યત્વે G-7 અને યુરોપિયન યુનિયન દ્વારા રશિયાના ઊર્જા વેચાણ પર લાદવામાં આવેલી કિંમત મર્યાદા તેમજ પશ્ચિમી પ્રતિબંધોને કારણે હતો. યુરોપિયન બજારમાં રશિયન તેલની માંગ અને ખરીદીમાં વિક્ષેપને કારણે ભારત હાલમાં વિશ્વમાં રશિયન ક્રુડ ઓઇલનો બીજો સૌથી મોટો ખરીદદાર છે.

અમેરિકાએ અગાઉ રશિયા પાસેથી ઊર્જા ખરીદી સંબંધિત ભારતીય માલ પર વધારાના ટેરિફ લાદ્યા હતા. ગયા વર્ષે, ભારતના માલ પર ૨૫ ટકા ડ્યુટી લાદવામાં આવી હતી. જો કે, નવી દિલ્હી અને વોશિંગ્ટન વેપારના સોદા માટે વચગાળાના માળખા કરાર પર સંમતિ થયા પછી આ ટેરિફ આ વર્ષે ફેબ્રુઆરીમાં હટાવી લેવામાં આવ્યો હતો. આમ છતાં, રશિયા પાસેથી તેલ ખરીદવા અંગે અમેરિકા તરફથી ટેરિફનો ખતરો સંપૂર્ણપણે સમાપ્ત થયો નથી. ભારત રશિયા પાસેથી ઓછી કિંમતે તેલ ખરીદી રહ્યું છે, તેને રિફાઇન કરી રહ્યું છે અને તેને પેટ્રોલિયમ ઉત્પાદનો તરીકે અમેરિકા અને યુરોપિયન બજારોમાં વેચી રહ્યું છે. જૂન ૨૦૨૬ માં બ્રિટનને સબસિડી હેઠળ રિલાયન્સની જામનગર રિફાઇનરીમાંથી રશિયન ક્રુડ ઓઇલમાંથી બનેલા જેટ ઇંધણનો પહેલો શિપમેન્ટ મળ્યો હતો, જેની કિંમત આશરે ૬.૩ કરોડ યુરો હતી. ભારત દ્વારા ક્રુડ ઓઇલની ખરીદીમાં વધારો થવાને કારણે રશિયાના ક્રુડ ઓઇલની નિકાસના વોલ્યુમમાં પણ ૧૪ ટકાનો વધારો થયો છે. અમેરિકા અત્યાર સુધી ભારતના માર્ગે રશિયન ડિઝલ ખરીદતું હતું; હવે તેણે સીધી ખરીદી શરૂ કરી છે. તેને કારણે ટ્રાન્સપોર્ટ ખર્ચમાં ઘટાડો થશે અને સસ્તું ડિઝલ મળશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**અમેરિકા અત્યાર સુધી ભારતના માર્ગે રશિયન ડિઝલ ખરીદતું હતું; હવે તેણે સીધી ખરીદી શરૂ કરી છે. તેને કારણે ટ્રાન્સપોર્ટ ખર્ચમાં ઘટાડો થશે અને અમેરિકાને સસ્તું ડિઝલ મળશે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**ઘરબેઠા રીપેરીંગ**
વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile- 9825859049, 7859985601

**જુનો સામાન લેવામાં**
આવશે. AC, ફ્રીજ, વોશિંગ મશીન, ગ્રીલ, લોખંડ, ઘરઘંટી, સાયકલ તથા જુના 2 વ્હીલર લેવામાં આવશે. સંપર્ક કરો. Mo. 9316100413

**માઁ ખોડિયાર જ્યોતિષ**
પંડિત વિનોદ કુમાર શર્મા (દુર્ગા ઉપાસક)
હસ્તરેખા/જન્માક્ષર થી ભવિષ્યનું સચોટ નીરાકરણ
પ્રેમ પ્યાર, લગ્ન માં વિલંબ, સોતન દુશ્મન થી છૂટકારો, ગૃહ કલેશ કરવું કરાવવું, નૌકરી અને વ્યાપાર રૂકાવટ, પતિ પત્નિ માં અનબન, કર્જ માંથી મુક્તિ, ઉપરોકત સમસ્યાઓનું સમાધાન સરળ રીતે મેળવો.
સમાસ્યાઓની દરેક વિગત ખાનગી રહેશે.
બંગલા નં A-28, બાલાજી કૃપા સોસાયટી, ગેટ નં-૧, પાલનપુર-જકાતનાકા રોડ, સુરત.
Mo.: 77779 22183

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**FEMALE STAFF URGENT REQUIRE**
for TRAVEL COMPANY at Ring Road, Surat.
for DOMESTIC & INTERNATIONAL HOLIDAYS- AIR TICKET - VISA
1st priority for Experience English & Computer Knowledge - Graduate
9374692000

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરિકન ટેકનોલોજીથી ગેરન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**જુના AC લેવામાં**
આવશે. ચાલુ કે બંધ હાલતમાં, જુના 2 વ્હીલર ચાલુ કે બંધ હાલતમાં વેચવા માટે સંપર્ક કરો. Mo. 9316100413

**ચોખ્ખું ઘી મળશે-**
ગીર ગાયનું 9898170075, 9727293311

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રીનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**એલ્યુમિનિયમનું તમામ**
પ્રકારનું કામ એલ્યુમિનિયમની બારીઓ, ઓફિસ પાર્ટિશન, બારીઓનું રિપેરીંગ, શ્રેષ્ઠ ગુણવત્તા અને વાજબી ભાવમાં M: 7016059247 (360)

વ્યવસાયીક વેચવાનું છે

**શાર્પ BP -20M22 ઝેરોક્ષ**
મશીન વેચવાનું છે. 9408959575

**દુકાન વેચવાની છે**
700 Sq.Ft.
વરાછા - કોહિનૂર મેઈન રોડ પર
97375 79982

નોકરી વિષયક

**યા બનાવી શકે**
તેવો અનુભવી કારીગર જોઈએ છે. કોન્ટેક્ટ 9898078652 સુરત

**જોઈએ છે**
બેબી કેરટેકર વેસુ, સુરત ખાતે 4 મહિનાના જોડિયા બાળકો માટે 24x7 અનુભવી બેબી કેરટેકર/ નાની જરૂરી. શિશુ સંભાળનો અનુભવ તથા બાળકો સંબંધિત તમામ કામ સક્રિય રીતે સંભાળી શકે તેવી વ્યક્તિ જરૂરી. સંપર્કઃ 9099304144 (359)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
53 વર્ષમાં પ્રવેશ, રેલ્વે 2x2 AC બસ દ્વારા દિવાળીમાં પ્રવાસો, (1) દક્ષિણ ભારત, હૈદ્રાબાદ, શ્રીશૈલમ, તિરૂપતિ, રામેશ્વર, ઉંટી, માયસોર, બેંગ્લોર. દિવસ- 14. તારીખ- 11/ 11, અને 24/ 11 (2) બનારસ, અયોધ્યા, નેપાળ, મુકિતનાથ. તારીખ- 24/ 12, દિવસ-12, (3) ભુતાન જાન્યુઆરીમાં. દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળોઃ દિપકભાઈ- 9825144143, કિશનભાઈ- 9898700934.

**પુરૂષાર્થ**
GST Registration @ 2000 Rs
GST Return @500 Rs PM
Incomtax Return of five Year
9974810262

મિલ્કત વેચવાની છે

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામઃ કાળા વ્યારા કણજા. Mo. 9687580001

**NA Plan Pass**
12 વિંઘા જમીન વેચવાની છે. ગામઃ પંડવાઈ (કોસંબા) Mo. 9687580001

**माँ चामुडा ज्योतीष**
पता - चोकसी वाडी, अडाजन, सुरत
हमारे यहां पर हस्त रेखा जन्माक्षर देखकर जिवन का पुरा पुरा हल बताया जाता जेशे कि कारोबार घर में कंकास सास बहु में झगडा, विदेश योग, प्रेम, प्यार, सोतन से छुटकारा किया कराया वसी करण। (स्पेश्यालिस्ट)
Mo. 7862990838

**ખેતી લાયક**
42 એકર જમીન વેચવાની છે. નેત્રંગ. MO. 9687580001

**2.15 વિઘા**
ઈન્ડસ્ટ્રીયલ Zone જમીન વેચવાની છે. ગામઃ ટેના રાંગ Mo. 9687580001

**જુના બંધ હાલતમાં**
2- વ્હીલર, 4- વ્હીલર, AC, કોઈપણ પ્રકારનું સ્ક્રેપ, વેચવા માટે સંપર્ક કરો- 9427178600

**3 BHK ફ્લેટ**
વેચવાનો છે ફર્નિચર સાથે ગ્રિનસીટી પાલ. 9924804455

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર


અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.